Extra No. 115

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] **MONDAY, JUNE 22, 2026 / ASHADHA 1, 1948**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગના તારીખઃ ૪થી ફેબ્રુઆરી, ૨૦૨૬ના સરકારી જાહેરનામા ક્રમાંક. જીજે-૨૦૨૬નો ૦૧/આરબીડી/આરઈઆર/ઈ-ફાઈલ/૧૬/૨૦૨૫/૦૨૬૧/સેક્શન ઈ૨-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

પરિમલ જોષી,

સરકારના આસિસ્ટન્ટ ડ્રાફ્ટ્સમેન.

NOTIFICATION

Regarding

The Chief Engineer (Electrical), Class I, in the General State Service, under the Roads and Buildings Department, Gujarat State, Recruitment Rules, 2025

માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત રાજ્ય હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, મુખ્ય ઈજનેર (વિદ્યુત), વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૨૫ સંબંધી જાહેરનામું

માર્ગ અને મકાન વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી ફેબ્રુઆરી, ૨૦૨૬

ભારતનું સંવિધાન.

ક્રમાંક: જીજે-૨૦૨૬નો ૦૧/આરબીડી/આરઈઆર/ઈ-ફાઈલ/૧૬/૨૦૨૫/૦૨૬૧/સેક્શન ઈ૨:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત રાજ્ય હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, મુખ્ય ઈજનેર (વિદ્યુત), વર્ગ ૧-ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:-

૧. (૧) આ નિયમો માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત રાજ્ય હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, મુખ્ય ઈજનેર (વિદ્યુત), વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે *રાજપત્ર*માં તેની પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશે.

૨. માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત રાજ્ય હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, મુખ્ય ઈજનેર (વિદ્યુત), વર્ગ ૧-ની જગા પરની નિમણૂક, જેણે,-

(૧) માર્ગ અને મકાન વિભાગ હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, અધીક્ષક ઈજનેર (વિદ્યુત), વર્ગ ૧-ના સંવર્ગમાં ઓછામાં ઓછું પાંચ વર્ષ સુધી કામ કરેલું હોય;

(૨) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર, કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય; અને

(૩) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ જાહેર થયા મુજબ યુનિવર્સિટી હોવાનું ગણાતી અથવા તે તરીકે માન્ય થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ એન્જિનિયરીંગ (ઈજનેરી) (વિદ્યુત)/ટેકનોલોજી (તકનિકી) (વિદ્યુત)-માં સ્નાતકની પદવી ધરાવતી હોય અથવા સરકારે માન્ય કરેલી તેને સમકક્ષ લાયકાત ધરાવતી હોય,

-તેવી વ્યક્તિઓમાંથી ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭-માં ઠરાવ્યા પ્રમાણે બઢતી માટે યોગ્ય ગણાવા માટે વિચારણાના ક્ષેત્રની અંદર, "ખૂબ સારા" નો આધાર-ચિહ્ન ધરાવતી હોય તેવી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તામંડળને એમ ખાતરી થાય કે ઉપર પેટા-નિયમ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલબ્ધ નથી અને તે મુદતથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા-નિયમ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતા ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી હોય તેવી વ્યક્તિને બઢતી આપી શકશે.

૩. બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવાની અને તેવી પરીક્ષા પાસ કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

હિતેશ ગોહિલ,

સરકારના નાયબ સચિવ.

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.08.10 08:40:29 IST